Volume-5, Issue-02, February 2018 ISSN: 2349-7637 (Online)

**RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)**

Research Paper

Available online at: www.rhimrj.com

# ઉત્પાદક પશુ તૈયાર કરવામાં કૃત્રીમ બીજદાન

ઝાલા હઠીસંગ સી.

પી.એચ.ડી. સ્ટુડન્ટ, પાટણ

---

ખેડુતનું પશુ ખાધેલ ખોરાકનું અધીકતમ દુધમાં રૂપાંતર કરે અને આખુ વર્ષ ઉત્પાદન આપી આર્થિક ક્ષેત્રે ઉપયોગી થાય તે ગામ અને રાષ્ટ્રના વિકાસને બળ પુરૂ પાડે છે. આવુ ત્યારે જ બને કે આપણે આપણા પશુમાં યોગ્ય દિશાનુ સંવર્ધન કરાવતા રહીયે, માદા પશુને ગાભણ કરવાની બે રીતો (૧) કુદરતી રીતે આખલા/પાડો (૨) કૃત્રિમ બીજદાન

## કૃત્રિમ વીર્યદાન (બીજદાન) એટલે શું ?

આપણા વિસ્તારની સારી ઓલાદના/ટંકના ૮ લીટર થી વધુ ઉત્પાદન આપતી માદાના સાંઢના વીર્યને વૈજ્ઞાનિક રીતે એકઠુ કરી પ્રયોગશાળામાં તેનું પરીક્ષણ કરી વીર્યનો જથ્થો વધારી તેની ૦.૨૫ ml ની નાની–નાની નળીયોમાં ભરી ગરમીમાં આવ્યા બાદ ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન વૈજ્ઞાનિક સંવર્ધન મારફતે ગર્ભાશયના મુખમાં વીર્ય મુકવાની કૃત્રિમ બીજદાન કહે છે.

## ગાયો/ભેંસને કૃત્રિમ બીજદાન શા માટે ?

એક પાડો કે આખલો આખા વર્ષમાં ૫૦ થી ૧૦૦ માદાને સારી રીતે ફેળવી શકે છે આ મુજબ દેશમા ૨૦ કરોડ થી વધુ માદા જાનવરોની સંખ્યા જોતા ૨૦ લાખ થી વધુ આખલા/પાડાની જરૂર ઉભી થાય પરંતુ આપણા વિસ્તારની વધુ ઉત્પાદન આપતી માદાના નર આખલા/પાડાના વીર્ય થી કૃત્રિમ વીર્ય દાન કરતાં ૨૫૦ થી ૫૦૦ માદા ગાભણ કરતા એક સારા સાંઢ પાડાથી ૧૦ થી ૧૫,૦૦૦ માદાને ગાભણ કરી શકાય છે.

ટુંકમા કહીયે તો કૃત્રિમ પધ્ધતિથી સારી ઓલાદના નર દ્વારા હજારો માદા ગાભણ થાય છે અને રખડતા બાંગરા નબળા સાંઢનો વંસવેલો આગળ વધતો અટકાવી શકાય છે. સહકારી ડેરી અને રાજય સરકારનો યોગ્ય દિશાના સંવર્ધનથી આપણી પાસે સિધ્ધ થયેલા સાંઢો ઉપલબ્ધ છે સારા ગુણોવાળા અને સિધ્ધ થયેલા માત્ર ૨૦ સાંઢ દ્વારા જિલ્લાની તમામ ગાયો/ભેંસો ફેળવી શકાય છે. આ રીતથી આપણી ગાય/ભેંસની વાછરડી/ પાડી ગાભણ થઈને વીયાણ પછી વેતરનું ૨ થી ૫ લીટર વધુ દૂધ આપતી થાય તે માટે માદાને સારી વંશાવલી ના સિધ્ધ થયેલા સાંઢ થી ગાભણ કરાવવી રહી.

➢ **કૃત્રિમ વીર્ય દાનના ફાયદા**

(૧) વધુ ઉત્પાદન અને સારી ઓદાલના સાંઢનો વધુમાં વધુ ઉપયોગ થાય છે

(૨) બીજદાનથી જન્મનાર બચ્ચાની ઉત્પાદન ક્ષમતામાં વધારો જોવા મળે છે

(૩) ગર્ભાશયના ચેપી રોગો થવાની શકયતા ઓછી રહે છે

(૪) ગર્ભાશયમાં કોઈપણ ખામી હોય તો ખ્યાલ આવે છે અને તે નિવારી શકાય છે

**(૫) અપંગ તથા ઓછા વજનની માદાને સહેલાયથી ફેળવી શકાય છે**

**(૬) સમયનો બચાવ થાય છે**

આપણા દેશની વાત કરીયે તો ૧૨૫ કરોડ વસ્તી અને ૩૨.૮૧ કરોડ હેકટર જમીન વિસ્તાર છે આમ ૧ વ્યકિતદીઠ ઓછી જમીન આવે છે આવા સમયે દેશની સરેરાશ એક ગાય એજ વેતન (૩૦૦ દિવસ) નું ૧૦૦૦ અને ભેંસ ૧૨૦૦ કિલો જેટલુ દૂધ આપે છે પરંતુ આપણા દેશમાં જે તે વિસ્તારની કેટલીક દેશી ગાયો/ભેંસો વેતરનું ૪૫૦૦ થી ૬૦૦૦ કિલો એટલે કે દૈનિક ૧૫ થી ૨૦ કિલો જેટલું દુધ આપવાની ક્ષમતા ધરાવે છે આવી ઉત્તમ ઓલાદના નર સાંઢથી જિલ્લાની બધી જ ગાયો/ભેંસો કુદરતી રીતે ફેળવી શકાય નહી પરંતુ આજ સાંઢનું વીર્ય પ્રયોગ શાળામાં એકત્ર કરી એકજ સર્વિસમાં ૨૫૦ થી ૫૦૦ જેટલી માદા ગાભણ કરી શકાય છે આ રીતે આપણી ગાય વેતરનું ૧૦૦૦ થી ૧૨૦૦ કિલો દૂધ આપે છે તેની જગ્યાએ આ માદાને કૃત્રિમ વીર્યદાન થી ગાભણ કરવામાં આવે તો પેદા થનાર વાછરડી/પાડી જયારે ગાય ભેંસ બને ત્યારે ૨૫૦૦ થી ૩૦૦૦ કિલો દુધ આપી શકે છે આ રીતે સમજીએ તો એક પશુપાલકને વર્ષે ૧૦૦૦ થી ૧૫૦૦ કિલો વધારે દૂધ મળતા ૩૦ થી ૪૫ હજારનો ફાયદો થાય છે જે એક રીતે ગ્રામ વિકાસ અને રાષ્ટ્રની આવકમાં વધારો કરી આપે છે.

કૃત્રિમ બીજદાન માટે ઉપયોગમાં લેવાતા સાંઢની માંનુ વેતરનું ૪૫૦૦ થી ૬૦૦૦ કિલો દુધ હોય, દૂધમાં ફેટ વધુ હોય તેની વાછરડી/ પાડી જન્મ પછી દોઢ થી બે વર્ષમાં ગાભણ થતી હોય, રોગ બિમારી ન થતી હોય,ખાધેલા ખોરાકનુ દૂધમાં રૂપાંતર કરતી હોય તેવા પ્રજોત્પતીમાં પાસ થયેલા સાંઢના વીર્ય થી લાંબો સમય રાખી બધી માદાને ગાભણ કરાય છે આવું કામ આણંદ, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં તંદુરસ્ત હરીફાઈ ના રૂપમાં થયો જેનાથી જિલ્લાની ડેરીનું દૈનિક દુધ અનુક્રમે ૧૦ લાખ થી ૩૦ લાખ અને ૩૭ લાખ કિલોથી વધુ સંપાદન કરી રહેલ છે. જિલ્લાની ડેરી રાજય સરકાર અને બાયફ જેવી સંસ્થાના પશુ સંવર્ધનના કામોની સીધી અસર ઓછા પશુ દ્વારા વધુ ઉત્પાદન મળતુ થયુ છે. ૨૦૧૫–૧૬ ના વર્ષે ગુજરાતની ડેરીઓ દ્વારા દૈનિક ૧૭૪૮૧ લાખ કિલો પ્રાપ્ત થયેલ છે જે આપણા માટે ગૌરવ લેવા જેવુ છે.

દૂધ વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રામીણ સમાજમાં કૃત્રિમ બીજદાનના આર્થિક અસર તપાસતાં ૫૮% ની આર્થિક સ્થિતીમાં સુધારો જોવા મળ્યો છે જેમ કે ટીવી. મોબાઈલ, ફ્રીજ, બાળકો માટે સારુ શિક્ષણ અને ઘરમાં બાથરૂમ અને સંડાસની સુવિધા ઉપલબ્ધ થઈ છે ટીવી અને મોબાઈલ પ્રશ્નોના નિવારણ અને અધ્યતન માહિતી માટે જયારે ફ્રીજનો ઉપયોગ આંચળની બિમારીમાં સારી રીતે થવા લાગ્યો છે ખર્ચમાં ઘટાડો કરે છે.

ગામડામાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી કાર્યરત થતાં ઘેર બેઠા માર્કેટ મળતુ થયુ છે માત્ર ગુજરાતના ત્રણ જિલ્લા બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાની ડેરીઓ દ્વારા દૈનિક ૮૫ લાખ થી વધુ દૂધ એકત્ર થાય છે તેની પાછળ ડેરીની પશુ સંવર્ધનની સેવાઓ પશુ પોષણમાં વ્યાજબી કિંમતે સમતોલ દાણ અને ઓછા પાણીથી વધુ ઉત્પાદ તેમજ વધુ

વાઢ આપતા ઘાસ ચારાના બીજ ૫૦ % કિંમતે પૂરા પાડે છે જે દૂધ ઉત્પાદકોના હિતમાં છે રાજયનુ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા વિશ્વના ૭૦ થી વધુ દેશોમાં વેચાતાં દૂધ ઉત્પાદકોને નફો ભાવ ફેટ અને પશુ સંબંધી સેવાઓ મળતી થઈ છે જે ગ્રામ વિકાસ અને દેશની સમૃધ્ધિનો એક ભાગ છે આમ ગરમીમાં આવતી ગાય ભેંસ કે વાછરડી પાડીને કૃત્રિમ બીજદાન થી ગાભણ કરવાથી નજીકના વર્ષોમાં ગામડા સમૃધ્ધ થશે જ તેમાં શંકાને સ્થાન નથી.

*2016, RHIMRJ, All Rights Reserved*

*ISSN:* 2349-7637 (Online)